# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-12-2024 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## મનમોહનસિંહ-પંચ મહાભુતમાં વિલિન:

ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહના અંતિમ સંસ્કાર આજે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે નવી દિલ્હીના નિગમ બોધ ઘાટ ખાતે કરવામાં આવ્યા. આ પહેલા ભૂતપૂર્વ પ્રધાનમંત્રીના પાર્થિવ દેહને તેમના આવાસથી દિલ્હીના કૉંગ્રેસ મુખ્યમથક લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કૉંગ્રેસ મુખ્યમથકથી સ્મશાન ઘાટ સુધી અંતિમ યાત્રા નીકળી હતી.

નિગમ બોધ સ્મશાન ઘાટ પર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે, કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સહિતના નેતાઓએ તેમજ ભૂતાનના નરેશ સહિતના મહાનુભાવોએ ડૉ. મનમોહન સિંહના અંતિમ દર્શન કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. 26 ડિસેમ્બરે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહનું નવી દિલ્હીની અખિલ ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાન- એઈમ્સમાં 92 વર્ષની વયે અવસાન થયું હતું.

---------------------------------------------------------------------------------------

## કલેક્ટર કચેરી-પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના:

પ્રધાનમંત્રી સૂર્યોદય યોજનામાં કચ્છના વધુમાં વધુ સંખ્યામાં વીજ ગ્રાહકોને જોડવા જીલ્લા કલેક્ટર અમિત અરોરાએ તમામ પ્રાંત અધિકારી, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીઓ તથા પીજીવીસીએલને સુચના આપી છે.

કલેકટર કચેરી ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં શ્રી અરોરાએ સોલાર રુફટોપ અને મળતી સબસિડી અંગે જાણકારી આપવા મોટાં ગામોમાં વહીવટી તંત્ર તથા પીજીવીસીએલની

ટીમો દ્વારા સંયુક્ત કેમ્પો યોજવાનું સુચન કર્યું હતું. જો કોઇ ગ્રાહક સ્થળ ઉપર યોજનાનો લાભ લેવા માટે તૈયાર થાય તો સ્થળ પર જ નોંધણી કરાવવા ઉપરાંત વીજબિલમાં રહેલી ક્ષતિઓ સુધારવા સબંધિત અધિકારીઓને જણાવવામાં આવ્યું છે. બેઠકમાં પીજીવીસીએલના ભુજ અને અંજાર સર્કલના અધિકારીઓએ ત્રણ વર્ષ માટે કચ્છના 37,100ના લક્ષ્યાંક સામે અત્યાર સુધી 6,210 ઘરોમાં પ્રધાનમંત્રી સૂર્યોદય યોજના હેઠળ સોલાર પેનલ લગાવવામાં આવી હોવાની જાણકારી અપાઈ હતી.

---------------------------------------------------------------------------------------

## મુન્દ્રા –યમન જહાજ:

ભારતીય તટરક્ષક દ્વારા દરિયામાં ડૂબી ગયેલા ભારતીય જહાજના નવ ખલાસીઓને બચાવી લેવાયા છે. મુન્દ્રા થી યમન જઈ રહેલા જહાજ "MSV તાજદારે હરમ" ઉત્તર અરબી સમુદ્રમાં ખરાબ હવામાન અને દરિયાઈ મોજાના કારણે ડૂબી ગયું હતું. તટરક્ષક દ્વારા પોરબંદરથી આશરે 311 કિલોમીટર પશ્ચિમથી જહાજના 9 સભ્યોને બચાવવામાં આવ્યા હતા. આ તમામ નવ સભ્યોને આજે સવારે સલામત રીતે પોરબંદરની જેટી પર લાવવામાં આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------

## કચ્છ પોલીસ વિભાગ-બદલી:

જાહેરહિત અને વહીવટી સરળતાને ધ્યાને રાખી પશ્ચિમ કચ્છ પોલીસવડા વિકાસ સુંડાએ 189 કર્મચારીની આંતરિક ફેરબદલીનો આદેશ કર્યો છે. જેમાં એએસઆઈ, હેડ કોન્સ્ટેબલ, કોન્સ્ટેબલ સહિતના કર્મચારીઓને બદલવામાં આવ્યા છે, જેમાં સૌથી વધુ અબડાસા તાલુકાના નલિયા, જખૌ, જખૌ મરીન સહિતના પોલીસ મથકોમાં ફરજ બજાવતા કર્મચારીઓને બદલાયા છે, તો માંડવી, મુંદરા, નખત્રાણા તાલુકા ઉપરાંત ભુજ-એ અને બી ડિવિઝનના વિવિધ પોલીસ કર્મચારીઓને પણ અન્યત્ર મુકાયા છે.

---------------------------------------------------------------------------------------

## ભુજ-સીએ ફાઈનલ પરિણામ

સીએ ફાઇનલમાં ભુજ બ્રાન્ચના નવ વિદ્યાર્થી ઉત્તીર્ણ થતા આનંદની લાગણી ફેલાઈ છે. ઇન્સ્ટિટયૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઇન્ડિયા દ્વારા ગત નવેમ્બરમાં લેવાયેલી ફાઈનલ સીએ પરીક્ષાનું પરિણામ જાહેર થયું હતું. તેમાં આ નવ વિદ્યાર્થીઓ સફળ થતા ભુજ બ્રાન્ચમાં નવા નવ સીએનો ઉમેરો થયો છે. નવા સફળ થયેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્સનું ભુજ સીએ બ્રાન્ચ કચેરીમાં અભિવાદન કરાયું હતું.

---

## ગાંધીધામ-રોજગાર ભરતી મેળો

જીલ્લા રોજગાર કચેરી ભુજ અને ઔધોગિક તાલીમ સંસ્થા ગાંધીધામના સંયુક્ત ઉપક્રમે જીલ્લાના રોજગાર વાચ્છુ ઉમેદવારોને રોજગારી મળે તે માટે ખાનગી ક્ષેત્રના નોકરી દાતાઓ પાસેથી ખાલી જગ્યાઓ મેળવી પ્રધાનમંત્રી નેશનલ એપ્રેન્ટીસશીપ અને રોજગાર ભરતી મેળાનું આગામી તારીખ 31મી ડીસેમ્બરના રોજ ગાંધીધામ આઈ.ટી.આઈ ખાતે આયોજન કરાયુ છે.જેમાં ધોરણ 10 પાસ,12 પાસ અને આઈ.ટી.આઈ પાસ શૈક્ષણિક લાયકાત ધરાવતા 18થી 35 વર્ષની વયના ઉમેદવારો આ ભરતી મેળામાં ઉપસ્થિત રહી શકશે.

રોજગારી ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ Anubadham.gujarat.gov.in પર રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે તેમ એક યાદીમાં જણાવાયુ છે.

---

## હવામાન

ડિસેમ્બર ની શરૂઆતથી જ કચ્છમાં એકધારી જમાવટ કરનાર શિયાળાએ હવે તેની પકડ વધુ મજબુત બનાવી હોય તેમ ઠંડીની વ્યાપક અસર જનજીવન પર જોવા મળી રહી છે. કચ્છના કાશ્મીર ગણાતા નલિયામાં આજે 4.2 ડીગ્રી લઘુતમ તાપમાને આ વર્ષનું સૌથી નીચા ક્રમે ઠંડીનો પારો પહોંચી ગયો હતો, જયારે જીલ્લા મથક ભુજમાં પણ તાપમાનનો પારો નીચે ઉતરીને 9.8 ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયું હતું. અતિશય ઠંડી સાથે પ્રતિકલાક સાતથી આઠ

કિલો મીટરની ઝડપે ફૂંકાયેલા પવનના ઠારના મારથી લોકો દિવસે પણ ગરમ વસ્ત્રોનો આશરો લેવા મજબુર બન્યા છે.

દરમ્યાન, રાજ્યની સાથે કચ્છમાં પણ હવામાન વિભાગ તરફથી કમોસમી વરસાદની આગાહી વચ્ચે  કચ્છમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળતા તેનાથી રક્ષણ માટે કચ્છમાં વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓ અને દાતાઓ દ્વારા જરૂરિયાતમંદ લોકોને ગરમ ઉનાઉ વસ્ત્રો અને ધાબડાનું વિતરણ હાથ ધરાયું હતું.

---------------------------------------------------------------------------

## બિદડા સર્વોદય ટ્રસ્ટ-શિબિર

બિદડા સર્વોદય ટ્રસ્ટ દ્વારા દાતાઓના સહયોગથી યોજાયેલ શિબિરમાં 3,870 જેટલા બાળકોના આરોગ્યની સંપૂર્ણ તપાસ અને સારવાર કરવામાં આવી હતી. માંડવી, મુંદરા અને ભુજ તાલુકાના ગામડાઓમાંથી 40 પ્રાથમિક શાળાઓ અને 14 માધ્યમિક શાળાઓનાં બાળકોને કેમ્પ સુધી લાવવા અને મૂકવા માટેની વ્યવસ્થા પણ કરાઇ હતી.

---------------------------------------------------------------------------